## કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧૫.૧ | વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરલ ધોરણોની વિગતો આપો. | સરકારશ્રીની સુચના અને માર્ગદર્શન મુજબ વિવિધ પ્રવૃતિ અને કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો :<br>(૧) ભુતીયા રેશનકાર્ડ નાબૂદ કરવા માટે અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગે તા.૧૫/૭/૨૦૦૪ ના પરિપત્રથી સુચના કરી હતી. જેના અનુંસંધાને આજ પર્યંત કુલ ૩૬૩૭ કાર્ડ રદ કરવામાં આવેલ છે.<br>(૨) અંત્યોદય અન્ન યોજના હેઠળ સરકારશ્રીએ પ્રથમ, બીજા અને ત્રીજા તબકકામાં મળી કુલ ૧૨૮૧૭ લાભાર્થીઓનો લક્ષ્યાંક ફાળવેલ, જેની કામગીરી પૂર્ણ થયેલ છે. તથા ચાલુ સાલમા અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ તા.૧૩/૭/૨૦૦૫ ના ઠરાવથી ચોથા તબકકામાં ૧૭૨૫ લાભાર્થીઓનો લક્ષ્યાંક અંત્યોદય અન્ન યોજના નીચે મહેસાણા જિલ્લાને ફાળવ્યો હતો. જે આગામી ગ્રામ સભાઓ દ્વારા પુર્ણ કરવામાં આવશે. આ કાર્યવાહી પણ હાલમાં ચાલુ છે.<br>(૩)મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજયએ તા.૪/૩/૨૦૦૪ ના અ.સ.પત્રથી અન્નપુર્ણા યોજના નીચે ૧૧૨૧ નિરાધાર વૃઘ્ધોને લાભ આપવાનો લક્ષ્યાંક મહેસાણા જિલ્લાને ફાળવ્યો હતો. મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રિય અને રાજય પેન્શન યોજના નીચે લાભ મેળવતા કુલ પેન્શનરના ૨૦% લેખે ૩૪૦ વ્યકિત ઓને અન્નપુર્ણા યોજના નીચે અનાજ આપવાપાત્ર બને છે. |